# સર્ગ - ૧

## (દોહરા)



થથર્યું પેડું, ઊપડી બેજીવ હીરને વેણ;
નેસ સોંસરું દોડીયું દાયણ માટે કહેણ.
વળ્યાં ઢૂંગલે ઓઢણાં, ધલવલ ધ્રૂજે હીર;
દાયણ પૂગે અબઘડી, હમણાં ભાંગે પીર.

સાસુ દેવલબાઈનો હરખ ન ઝાલ્યો જાય;
હરસુરને ઘર ઘોડિયું! ખમ્મા મોગલ માય.
ઉભડક બેઠો આંગણે, રાહ જુએ હરસુર;
પડખે ખળખળ વોંકળો, ચોગમ વન ઘેઘૂર.


પો ફાટ્યા શો આવીયો નરવો બાળાસાદ;
જાણે છાતી સોંસરો વરસી ગ્યો વરસાદ!
વાઢ્યું કુમળું નાયડું, છૂટ્યો નેડો એક;
ગીરથી નેડો બાંધતાં બાંધ્યું જીવતર છેક.

ઊઠ્યો પછેડી ઝાટકી, ઉતાવળો હરસુર;
આડો ઘરનો ઉંબરો, ખાળે ઘોડાપૂર.
દોડી આવી માવડી, લઈને સાકર-થાળ;
દુઃખણાં લીધાં સામટાં, ફળજો-ફૂલજો બાળ.

સાકર વ્હેંચી નેસમાં, માત ચડ્યું પટકૂળ;
ગુલાલ થઈને ગીરમાં ઊડી રાતડી ધૂળ.
ગ્હેક્યા વનમાં મોરલા, ચહેક્યાં કાબર-કીર;
સૂડા નભ પહોંચી વળ્યાં, ગજવ્યું આખું ગીર.

# સર્ગ – ૨

(દોહરા)



શિંગ ઉલાળી નીકળે માલઢોર વન દીમ;
ભાંભરડા ભાંગી વળે વીતી રાતનું ઢીમ.
હરસુરને એ જોઈને અમથું ઊપજે વહાલ;
ડચકારા દીકરો કરે, મલપત હાલે માલ.

ભેંસું નીકળી નેળથી, કાંઠા ઊભા કરાડ;
ભયને સૂંઘે, સાંભળે, ભેંસું હાથણહાડ.
ઉપર કરમદીનાં ઢૂવે, ઊજરતાં સિંહબાળ;
સિંહણ ઘુરકારા કરે, પડતી ઊંડી ફાળ.

હરસુર આવ્યો તાણમાં, કાઢે કપરો કાળ;
ખીમરાને ધખના થતી, તેડું સિંહનાં બાળ!
ખાડાંને આ રોજનું, દિવસો વીત્યા ચાર;
હારે હરસુર પ્હોંચતાં આજે લાગી વાર.

મોકો ટાળી ખીમરો, ભેખડ ચડ્યો કરાડ;
સામે સિંહણનો ઢૂવો, ચૂકી ધબકવું નાડ.
સિંહણ ન્હોતી બોડમાં, શાવક રમતાં બ્હાર;
ગોઠીમડાં લે, ઊછળે, કરે પુચ્છ પર વાર.

ડગમગ હાલે આજ જે, કાલે કરશે રાજ;
મોઢું ખોલે ત્રાડવા, નીકળે કૂણો અવાજ.
ખીમરે સાવક ઊંચકી, કર્યો સહજ બુચકાર;
ગાડરડી ખંખેરતાં, પસવાર્યાં પળવાર.

# સર્ગ – ૩

(દોહરા)



હીર સાચવતી નેસને, હરસુર ઘર-વહેવાર;
સોનલવરણા બોઘરે, રણકે દૂધની ધાર.
ઢીંગળ, ઢેબર, ટીલડી, ભૂખર, ભૂરી, લાડ;
ઝોંકમાં ભેંસું ભાંભરે, હાથણ સરખાં હાડ.

મેલું માથાબંધણું, ડાંગ લીધી કડિયાળ;
ધણને ચરવે ખીમરો, ગીરમાં અંતરિયાળ.
ઢોળાવે જઈ બેસતો, ફરતે ઢૂંગો ભેંસ;
ગાઉ એક છેટો દીસે વીજલદેનો નેસ.

આઘે ઝાંખી ઓસરી, ઉપર થાંભલી પાંચ;
વીજલ ઝંડો ઝાટકે, ખીમરો ભાળે સાચ.
હડી દઉં હમણાં જ ને પહોંચું વીજલ પાસ;
છાતી ધડકે સામટું, ધમણ ધમાવે શ્વાસ.

ખીમરો કદકાઠી થયો, ફૂટ્યો મૂછનો દોર;
ધૂંબે ઠળિયા ભાંગતો, કાંડે એવાં જોર.
આગળ હાલે ઓરતા, પાછળ હાલે ભાન;
પગે પવનની પાવડી, રખડે આખું રાન.

માલઢોર લઈ નીકળ્યો ખીમરો વન મોઝાર;
વચમાં ઘેરાં ઝાડવાં, ફરતી ઊંચી ધાર.
ખીમરે ડચકારા કર્યા, ભેંસે બદલી ચાલ;
લેખુડી આગળ થઈ, પાછળ મલપત માલ.

# સર્ગ – ૪

(દોહરા)



પો ફાટ્યું ચહેકાટમાં, ઊગ્યો રાતો ભાણ;
ઘૂંટણ અડતા કેશ લઈ, વીજલ બેઠી નાણ.
આંગણ ઊભી એકલી, ખૂંપી કળણમાં માત;
ક્યાંથી વ્હાણાં વહી ગયાં! પડી ઓકળીભાત.

વળતે દાડે આવિયું આંગણ ઊડતું ક્હેણ;
વેળે આણું વાળજો, વરતી રૂડું વેણ.
દીકરી જનમી ત્યારથી પેખી'તી જે છાબ;
ભર્યા પટારે સાચવી રાખ્યો'તો અસબાબ.

તોરણ, ટોડલ, ચાકળા ભાતીગળ ઓછાડ;
માનાં ટાંક્યાં આભલાં, પૂર્યાં બાપનાં લાડ.
મોતી ટાંક્યાં વીંજણે, લોટી-શ્રીફળ જોડ;
કમખે ટાંક્યા મોરલા, હૈયે ટાંક્યા કોડ.

ગજા પ્રમાણે પાથર્યું કરિયાવરમાં હીર;
બાકી આવરદા લગી પૂરી પડશે ગીર.
ઢગ આવી વેવાઈની, ઢળ્યા ફળીમાં ખાટ;
ઓસરીએ આવી ઊભો વીજલનો રઘવાટ.

નેડો છૂટશે નેસથી, છૂટશે સૈયર સાથ;
વહાલી પણ વણચિંતવી વેળને ભરવી બાથ.
શ્રીફળ ખોળામાં દીધું, ભીંતે કંકુથાપ;
ભેટીને મા ખૂબ રડી, ઊભો ખળભળ્યો બાપ.

# સર્ગ-૫

(દોહરા)



ભાંગી કાળી રાતને, નીકળ્યો રાતો ભાણ;
પંખીએ હરખાઈને વ્હેંચી ગીરમાં લાણ.
ગોરસ ગાજે દોણકે, કોઢે વધતાં ઢોર;
હીર-હરસુરની માળમાં વિજો હીરનો દોર.

આગંતુક એમાં ભળી, ઊજળ્યું ચારણ ઠામ;
વીજલની કૂખ દીકરી, જોગડ રાખ્યું નામ.
જોગડ રમતી આંગણે, ઘડેલ કંકુઘાટ;
હરખુડી, હેતાળવી, ઊગતો ભાણ લલાટ.

દીકરી રગ માબાપની, દીકરી જલતી જ્યોત;
ટોડલિયા જીવતા કરે, ઊડતાં કરે કપોત.
તાળી દઈ ઘૂમરા ફરે, ઘમ્મ ઘાઘરી વેંત;
માની આંખે નીતરે ગીરઆખીનું હેત.

હરસુર હૂકલી ખેંચતો, લાંબી કરે સુવાણ;
વીજલ વાસીદાં કરે, ખડકે ઢગલો છાણ.
કૂંડે લઈ જઈ ખીમરો ખૂબ ધમારે ઢોર;
પાટી-દફ્તરમાં વિજો બાંધે ઊગતો પો'ર.

દાદો-દીકરો નીકળે, વનની એકલ વાટ;
દીકરો ચણચણ ચોખલો, દાદો મેલોદાટ.
વીંધી ઝાડી ઝાંખરાં કેડો પહોંચે ઠામ;
રસ્તે બસનું પાટિયું, આઘે આઘે ગામ.

# સર્ગ – ૬

(દોહરા)



પગી ગીરનો કહી ગયો, ઊઘડતે પરભાત;
સાંજે અફસર આવશે, કરશે મોટી વાત.
ગલઢેરાંઓ નેસના ઠાલા ચડ્યા વિચાર;
શુંય હશે વળી વાતમાં, દેશે શું સરકાર?

નેખમ વચ્ચે હરસુરે ઢાળ્યા સાંજે ખાટ;
રૂડી રજાઈ પાથરી, બેસે જે પર લાટ.
ઢળતી સાંજે જીપમાં આવ્યા વનના સા'બ;
પગી, પસાયત, કારકુન મોટો પડે રુઆબ.;

વનવાસી ભેગા મળ્યા, લીધાં ભોં પર સ્થાન;
અફસરે માંડી વાતને, સુણતા સરવે કાન.
પેઢીઓથી ગીરમાં વસો, ઉછેરો માલ;
ગીરે સહુને સાચવ્યા, દીધું માનું વહાલ.

વધતેદાડે ગીર પર વધ્યો છે માનવ-ભાર;
બદલાયો છે લોકનો ગીર હારે વહેવાર.
સાવજની વસ્તી વધી, ખૂટતાં થ્યાં ચરિયાણ;
ચરે ઢોર જો બીડ તો, પડે પહુને તાણ.

ગીરની સીમ ન વિસ્તરે, વનમાં જીવ ઊભરાય;
મારગ એ કે પારવણ ગીરની ભીતર થાય.
ગીરને જીવતું રાખવા, કરીએ હળવો ભાર;
વનવાસી લઈ માલને, વસે ગીરની બ્હાર.